## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




ગુરુજી... કોરોના થાય તો આટલી જ તકલીફ થાયને...??

# શહેરમાં નવા આવાસો બાંધવા માટે હજુ સાઈટ નક્કી કરાશે

## જુના અને જર્જરિત આવાસોની સંખ્યા વિશેષ : તબક્કાવાર આવાસો તોડવામાં આવ્યા બાદ જગ્યા ખુલ્લી કરાશે

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગરના સેકટરોમાં દાયકાઓ જુના અને જર્જરીત સરકારી આવાસો રહેણાંકને લાયક રહ્યા નથી જયારે હવે ભયજનક અને જોખમી મકાનો વસવાટ મુક્ત થાય તે માટે તંત્રની ટીમ કામે લાગી છે. જયારે હાલ સે-૬ માં નવા આવાસો બાંધવાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે હજુ પણ જુના આવાસો તોડવામાં આવ્યા બાદ નવા આવાસો માટે નવી સાઈટ નક્કી કરાશે.

શહેરમાં સરકારી આવાસો તોડવા માટે તબક્કાવાર આયોજન કરવામાં આવે છે. હાલ પણ જુના અને જોખમી મકાનો ખાલી કરાવી તેનો નિકાલ કરવા માટે માર્ગ મકાન વિભાગની ટીમ અભ્યાસ કરવામાં લાગી છે. એકબાજુ શહેરમાં દાયકાઓ જુના સરકારી મકાનો પૈકી મોટાભાગના ભયજનક હાલતમાં છે. સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના આવાસો રહેણાંકને લાયક રહ્યા નથી. જયારે બીજીતરફ નવા આવાસૌ તૈયાર કરવા માટે પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. સે-૬ માં હાલ નવા આવસો બાંધવાની કામગીરી ચાલી રહી છે. લોકડાઉન દરમિયાન આ કામગીરી પણ ઠપ્પ થઈ ગઈ હતી. જયારે હવે મજુરોની વ્યવસ્થાના અંતે કામ શરૂ થયુ છે. પરંતુ હજુ નવા આવાસો બાંધવા માટે નવી સાઈટ નક્કી કરવા માટેનો મામલો પણ કોરાણે મુકી દેવાયો છે. એટલુ જ નહી પરંતુ સે-૩૦ માં નવા આવાસો તૈયાર કરાયા બાદ હજુ તેનુ લોકાર્પણ પણ કરાયુ નથી. જેના લીધે તંત્રના ચોપડે મકાન માટે કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. જયારે બીજીતરફ નવા આવાસો તૈયાર કરવા માટે સાઈટ નવી સાઈટ પણ હજુ નક્કી થઈ શકી નથી. જો કે હજુ સે-૬ ની યોજનાનુ કામ પ્રગતિ હેઠળ આવે ત્યારબાદ સાઈટ નક્કી થાય તેમ પણ મનાઈ રહ્યુ છે. શહેરમાં જુદી જુદી કક્ષાના ભયજનક મકાનો ખાલી કરાવવા માટે પણ તંત્ર હવે કામે લાગ્યુ છે. ત્યારે જુના અને જર્જરીત આવાસો તોડી નાંખવામાં આવ્યા બાદ ખુલ્લી જગ્યાનો અભ્યાસ કરીને નવા આવાસો બાંધવા માટે સાઈટ નક્કી કરાશે તેમ પણ મનાઈ રહ્યુ છે. શહેરમાં હાલની સ્થિતિએ મોટાભાગના સરકારી આવાસોની દશા સારી નથી જયારે નવા આવાસો બાંધવાનુ અનિવાર્ય છે. રહેણાંકને લાયક મકાનોની સંખ્યા ઓછી છે જેથી આગામી દિવસોમાં નવા આવાસો બાંધવા માટે સાઈટ પણ નક્કી કરાશે.

# ગાંધીનગરમાં ખંડગ્રાસ સૂર્યગ્રહણ જોવા મળશે

ઘણા દિવસોથી ચર્ચામાં રહેલ કંકણાકૃતિ સૂર્યગ્રહણ રવિવારે જોઈ શકાશે. કચ્છ અને સમગ્ર ગુજરાતમાંથી તે ખંડગ્રાસ સ્વરૂપે સવારે ૯.૫૮ થી ૧૩.૨૩ કલાક દરમ્યાન કુલ ત્રણ કલાક ૨૪ મિનિટ સુધી જોઈ શકાશે. આંતરાષ્ટ્રીય યોગ દિન, વર્ષનો સૌથી લાંબો દિવસ અને સૂર્યના દક્ષિણ તરફના ભ્રમણ સાથે સૂર્યના દિન રવિવારે થનાર સૂર્ય ગ્રહણે લોકોમાં ઉત્કંઠા જગાવી છે તેમજ કોરોનાની મહામારી, ભારત ચીન તણાવ જેવી બાબતોને લઈને લોકોમાં આશંકાની લાગણી જન્માવી છે. આ ગ્રહણ મૂળ રીતે કંકણાકૃતિ પ્રકારનું સૂર્ય ગ્રહણ છે, આ ગ્રહણની શરૂઆત પૃથ્વી પર મધ્ય આફ્રિકાના કોંગોથી થશે ત્યાર બાદ આ ગ્રહણપથ દક્ષિણ સુદાન, યમન, ઓમાન, અફઘાનિસ્તાન, પાકિસ્તાન થઈ ભારતમાં રાજસ્થાનના સિરસાથી કુરુક્ષેત્ર, યમુનાનાગર, જોશીમઠ થઈ નેપાળના કાઠમંડુ, તિબેટ ચીન તાઈવાન સુધી આગળ વધશે. ભારતમાં ઉપર જણાવેલ સ્થળોએ મહતમ કંકણાકૃતિ ગ્રહણ જોવા મળશે જયારે બાકીના ભારત અને ગુજરાતમાં તે દિવસે ખંડગ્રાસ પ્રકારનું સૂર્યગ્રહણ જોવા મળશે. આ પહેલા કંકણાકૃતિ ગ્રહણ બરાબર ૬ માસ પહેલા ૨૬ ડિસેમ્બરના જોવા મળ્યું હતું. સૂર્યગ્રહણ જોવું એ એક દુર્લભ ઘટના છે, જે કોઈ એક સ્થળ પરથી જવલ્લે જ જોવા મળે છે.

સૂર્યગ્રહણને જોવામાં કેટલીક તકેદારીઓ રાખવી અત્યંત જરૂરી છે, સૂર્યની સામે નરી આખે જોવાથી આંખને કાયમી નુકશાન થઈ શકે છે, જેથી સૂર્યની સામે યોગ્ય અને સલામત ફિલ્ટર વિના જોવું નહિ. સામાન્ય પરિસ્થિતિમાં સૂર્યની સામે થોડી ક્ષણોથી વધુ જોઈ શકાતું હોતું નથી, અને તેટલા સમયમાં આંખની કિકી ઝીણી થઈ જાય છે કે આંખમાં પાણી આવી જાય છે, જે આપણી આંખની પ્રતિકારક પ્રક્રિયા છે, જેના કારણે આંખને નુકશાન થતું અટકે છે, હવે જયારે ગ્રહણ વખતે પ્રકાશની તિવ્રતામાં ઘટાડો થાય છે પરંતુ એના વિકિરણોની તિવ્રતામાં ઘટાડો થતો નથી જેથી આંખને કાયમી નુકશાન થવાની સંભાવના વધી જાય છે. જેથી સૂર્યગ્રહણને નરી આંખે જોવુ નહી. તેના માટે યોગ્ય વૈજ્ઞાનિક ફિલ્ટર તથા ૧૪ નંબરનો વેલ્ડીંગ ગ્લાસ ઉપયોગમાં લઈ શકાય અથવા સૂર્યનું પ્રોજેક્શન કરી ગ્રહણ નિહાળી શકાય પરંતુ એક્ષરે ફિલ્મ, ફોટોગ્રાફિક ફિલ્મ, પાણીમાં પ્રતિબિંબ જેવી તમામ અવૈજ્ઞાનિક પદ્ધતિઓથી આંખને નુકશાન થવાની સંભાવના વધારે રહેલી છે.

### ગુજરાતમાં વિવિધ સ્થળોએ સૂર્યગ્રહણનો સમય

| શહેરનું નામ | ગ્રહણ સ્પર્શ | ગ્રહણ મધ્ય | ગ્રહણ સમાપ્તિ |
|---|---|---|---|
| અમદાવાદ | ૧૦-૦૩-૪૭ | ૧૧-૪૨-૦૭ | ૧૩-૩૨-૧૯ |
| ગાંધીનગર | ૧૦-૦૪-૦૦ | ૧૧-૪૨-૨૩ | ૧૩-૩૨-૦૦ |

# જિલ્લામાં આ વર્ષે મિયાવાકી પદ્ધતિથી નાના નાના વન ઉભા કરવામાં આવશે : સુશ્રી દુહાન

## જિલ્લામાં આ વર્ષે ૨૦ થી વધુ મિયાવાકી વન ઉભા કરવાનું વિચાર્યુ છે : આજે આ અંગે બેઠક પણ કરી છે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં આ વર્ષે મિયાવાકી પદ્ધતિથી અધ્યક્ષપદે એક બેઠળ મળી હતી. આ બેઠકમાં તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ ગાઢ સ્થાનિક જંગલો બનાવવામાં મદદ કરે છે.

તેમણે કહ્યુ હતુ કે આ



વન વિસ્તારમાં વૃદ્ધિ કરવાનો નવતર અભિગમ હાથ ધરવામાં આવશે. આ અભિગમ પર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા મોનીટરીંગ કરવામાં આવશે.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ખાતે આજે જિલ્લા વિકાસ અધિકારી વ ચેરમેન સુશ્રી શાલિની દુહાનના ઉપરાંત જિલ્લાના વિવિધ લાઈન ડિપાર્ટમેન્ટના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સુશ્રી શાલિની દુહાને જણાવ્યુ હતુ કે મિયાવાકી એ જંગલ ઉછેર કરવાની નવી તકનીક છે જે જાપાની વનસ્પતિશાસ્ત્રી અકિરા મિયાવાકી દ્વારા પ્રેરિત છે. જે અભિગમ એ સુનિશ્ચિત કરે છે કે છોડની વૃદ્ધિ ૧૦ ગણી ઝડપી છે અને પરિણામે વાવેતર સામાન્ય કરતાં ૩૦ ગણુ ઓછુ છે. આ વિસ્તારમાં એક ડઝન જેટલી મૂળ પ્રજાતિઓનું વાવેતર કરે છે અને તે પ્રથમ ત્રણ વર્ષ પછી જાળવણી મુક્ત બને છે.

તેમણે કહ્યુ હતુ કે જિલ્લામાં ૨૦ થી વધુ સ્થાનો પર આ મિયાવાકી જંગલ બનાવવાનું આયોજન છે. આ માટેની કામગીરી પણ ખુબ જ ઝડપથી હાથ ધરવામાં આવશે. આ જંગલના નિર્માણ માટે બાયોમાસનો ઉપયોગ કરવામાં આવશે જે ઝાડની વૃદ્ધિને વધુ ઝડપી બનાવશે.

સુશ્રી દુહાને આ જંગલ નિર્માણની નવી પદ્ધતિ અંગેનું ખાસ પ્રેઝન્ટેશન પણ આ બેઠકમાં રજુ કર્યુ હતુ. આ માટે જરૂરી વૃક્ષો પણ પુરા પાડવા માટે તંત્ર દ્વારા પુરતી તૈયારી કરવામાં આવી છે.

તેમણે જણાવ્યુ હતુ કે વૃક્ષના મૃત્યુદર અંગે પણ તંત્ર દ્વારા મોનીટરીંગ દરમ્યાન ધ્યાન રાખવામાં આવશે. સુશ્રી દુહાને ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે વૃક્ષ ઉછેર અભિગમને સાકાર રૂપ આપનાર આ નવતર અભિગમથી જિલ્લામાં હરિયાળી વધશે એટલુ જ નહિ જળપલ્લવિત વિસ્તારોમાં પણ વૃદ્ધ થશે.

# પાલજનો સમાવેશ ગાંધીનગરમાં ન કરાતાં ગ્રામજનોમાં રોષની લાગણી

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં વધારો કરવાના નિર્ણયમાં નવા પાલજને બાકાત રાખવામાં આવતાં ગ્રામજનોમાં રોષની લાગણી જન્મી છે અને આ અંગે ગ્રામસભામાં પ્રસ્તાવ પસાર કરી તેની સરકારને નકલ પણ મોકલવામાં



આવી છે. ગાંધીનગર મનપા વિસ્તાર અને નવા પાલજ વચ્ચે એક રોડનું અંતર છે પણ તેનો સમાવેશ નહિ કરી ગ્રામ્ય વિસ્તારની લાગણી પર સરકારે કુઠારાઘાત કર્યો હોવાની ગ્રામજનોએ વ્યક્ત કરી છે. આ ગ્રામસભામાં એવો પણ મત વ્યક્ત કરાયો હતો કે મનપાની સામાન્ય સભાએ પણ તેના પ્રસ્તાવમાં પાલજના સમાવેશની વાત કહેવાઈ હતી તો સરકારે આવી ભેદભાવ ભરી નીતિ કેમ અપનાવી તે સમજાતુ નથી. જે અન્ય ગ્રામ્ય વિસ્તારોને સમાવવામાં આવ્યા છે તે ગામ અને ગાંધીનગર વચ્ચેનું અંતર સરકારે જો ધ્યાને લીધુ હોત તો પાલજના અંતરને કેમ ધ્યાને ના લીધુ તે સમજાતુ નથી.

**ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિ.**

લોકાયુક્ત ભવનની પાછળ, છ રોડ, સેક્ટર-૧૦/બી, ગાંધીનગર
ફોન નં. : ૨૩૨૫૬૮૦૧ થી ૮૦૬ ● ફેક્સ નં. ૨૩૨૫૬૨૨૦
CIN - U45201GJ1988SGC011453 • E-mail ID : gsphcltd@gmail.com

**ઝેરોક્ષ કામ કરવા અંગે**

વર્ષ ૨૦૨૦-૨૨ના વર્ષ માટે વડી કચેરી તેમજ ગાંધીનગર વિભાગીય કચેરી ખાતેના ફોટો કોપી, પ્રિન્ટ, બાઈન્ડીંગ, પ્લાન ઝેરોક્ષ વગેરે કામો માટે સરકારી - અર્ધ સરકારી કચેરીઓમાં આ પ્રકારની કામગીરીનો અનુભવ ધરાવતાં ગાંધીનગર શહેર સ્થિત, પાર્ટીઓ પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. જે અંગે નિગમ દ્વારા નક્કી કરવામાં આવેલ શરતો સાથેના ટેન્ડર ફોર્મ નિગમની રજીસ્ટર્ડ ઓફિસ ખાતેથી કચેરીના કામકાજના ચાલુ દિવસોએ સવારે ૧૧.૦૦ થી ૧૬.૦૦ કલાક દરમિયાન ટેન્ડર દીઠ રૂ. ૩૦૦/- ટેન્ડર ફી (પરત નહિ મળવાપાત્ર) ભરી તા. ૨૬-૦૬-૨૦૨૦ના ૧૬.૦૦ કલાક સુધી મેળવી લેવાના રહેશે. ભરેલ ટેન્ડર સીલબંધ કવરમાં તા. ૧૦-૦૭-૨૦૨૦ સુધી સાંજના ૧૬.૦૦ કલાક સુધી જ આર.પી.એડી/ સ્પીડ પોસ્ટ / કુરીયરથી સ્વીકારવામાં આવશે અને ટેન્ડર તા. ૧૩-૦૭-૨૦૨૦ના રોજ બપોરના ૧૨.૦૦ કલાકે ખોલવામાં આવશે. આ અંગેની વિગતો નિગમની વેબસાઈટ : www.gsphc.gujrat.gov.in પર ઉપલબ્ધ રહેશે. ઉપરોક્ત ટેન્ડર લગતી બાબતનો નિર્ણય લેવાનો હક્ક નિગમને અબાધિત રહેશે.

માહિતી/૨૯૩/૨૦-૨૧ મેનેજિંગ ડીરેક્ટર

# ઓનલાઈન અભ્યાસ પર નિયંત્રણ રાખવું જરૂરી : કોર્ટ

## સરકારે અભ્યાસના કલાકો નક્કી કરવા જોઈએ : વિદ્યાર્થીઓને ઓનલાઈન ભણાવતી સ્કૂલોની માહિતી સરકાર પાસે માગી : બાળકોની આંખોને નુકસાન થઈ શકે

ગાંધીનગર, તા. ૨૦

કોરોના વાયરસનો સતત વધતા જતા વ્યાપને લીધે હાલ શાળા કોલેજોનું શિક્ષણ બંધ છે.આના ઉપાય તરીકે વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ આપવામાં આવી રહયુ છે.શુક્રવારે ગુજરાત હાઈકોર્ટે ઓનલાઈન શિક્ષણ મેળલી રહેલા વિદ્યાર્થીઓની ચિંતા વ્યકત કરતા એવુ અવલોકન કર્યુ કે આનાથી ૩-૧૨ વર્ષના વચ્ચેના બાળકોન આંખોને નુકસાન થઈ શકે છે. વિદ્યાર્થીઓને ઓનલાઈન ભણાવતી સ્કૂલોની માહિતી સરકાર પાસે માગી છે. લોકડાઉન અંગ થયેલી સુઓમોટો પીઆઈએલ પરની સુનવણી દરમિયાન ચીફ જસ્ટીસ વિક્રમનાથ અને જસ્ટીસજે.બી પારડીવાળાની બેન્ચે કહયુ ઓનલાઈન અભ્યાસને કારણે ૩-૧૨ વર્ષના બાળકોની આંખોને નુકસાન થઈશકે છે. ઓનલાઈન ટીચીંગ એકટીવીટી પર અંકુશ રાખવો જરુરી છે.ઓનલાઈન શિક્ષણ અમુક કલાકો કરતા વધારે ના હોય તે જોવાનું અને તેના પરઅંકુશ મુકવાનું કામ સરકાર કરી શકે છે. સરકાર આવી ઓનલાઈન ભણાવતી સ્કુલોન માહિતી આપે.

ડીવીઝન બેંચે એવો પણ પ્રશ્ન પુછ્યો હતો કે,જે વાલીના એકથી વધારે બાળકો હોય અને સ્કૂલો ઓનલાઈન શિક્ષણ પર જોર આપતી હોય તો તેઓ આ સ્થિતિને કેવી રીતે પહોંચી વળતા હશે. દરેક વાલી પાસે તેમના બધા બાળકોને ભણાવવા માટે ગેજેટ્સ અને ઈન્ટનેટ કનેકિટવીટી પૂરી પાડયાન ક્ષમતા ના પણ હોય. આવા કિસ્સાઓ અંગે સરકાર શું વિચારે છે તેનો પણ કોર્ટે જવાબ માગ્યો છે. સરકારે જાહેર કર્યુ છે કે, ઓછામાં ઓછા બે માસ સુધી તો વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ જ અપાશે. સ્કૂલો ૧૫મ ઓગષ્ટ પહેલા શરૂ થાય તેન સંભાવના નહીવત છે.

# પોસ્ટ વિભાગ દ્વારા વિશેષ ચેરિટી કવર લોન્ચ કરાયું

## પ્રત્યેક ચેરિટી કવરની વેચાણ કિંમત રૂપિયા ૧૦૦ જેમાંથી રૂપિયા ૭૫ મુખ્યમંત્રી રાહત નિધિમાં આપવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૦

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાત પોસ્ટલ વિભાગ દ્વારા કોવિડ-૧૯ દરમિયાન જીવનશૈલીમાં આવેલા પરિવર્તન અંગે જાગૃત્તિ લાવવા માટે 'કોવિડ-૧૯ સાથે જીવન જીવવાની કળા' થીમ પર તૈયાર થયેલા વિશેષ ચેરિટી કવરનું આજે ગાંધીનગરમાં વિમોચન કર્યું હતું. 'કોવિડ-૧૯ સાથે જીવન જીવવાની કળા' થીમ પર તૈયાર થયેલા આ પ્રત્યેક વિશેષ ચેરિટી કવરની કિંમત રૂ.૧૦૦ છે. જેના વેચાણની રકમના ૭૫ ટકા કોરોના સામે લડવાના ફંડ તરીકે મુખ્યમંત્રી રાહત નિધિમાં પોસ્ટ વિભાગ આપશે. ગુજરાત પોસ્ટલ વિભાગ દ્વારા આવા કુલ ૨૫,૦૦૦ જેટલા વિશેષ ચેરિટી કવર તૈયાર કરાયા છે જેનું લોન્ચિંગ આજે મુખ્યમંત્રીએ કર્યું હતું. ગુજરાત પોસ્ટ વિભાગે આ અવસરે મુખ્યમંત્રી રાહત નિધિમાં કોરોના સામેના ફંડ ફાળા પેટે રૂ.૧૮ લાખનો ચેક અર્પણ કર્યો હતો. મુખ્યમંત્રીએ કોરોના સામેની લાંબી લડાઇ માટેના ફંડ તરીકે દાન આપવાના અભિગમ માટે પોસ્ટ વિભાગને અભિનંદન પાઠવ્યા હતા.

મુખ્યમંત્રીના હસ્તે વિમોચન થયેલું આ વિશેષ ચેરિટી કવર દેશનું સૌ પ્રથમ ક્યૂઆર કોડ ધરાવતું કવર છે જે આરોગ્ય પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા નિર્મિત કોવિડ-૧૯ સંબંધિત સાવચેતી-તકેદારીના વિડીઓ સાથે ક્યૂઆર કોડથી જોડાયેલું છે. આ વિશેષ કવરની ખરીદી અમદાવાદ જી.પી.ઓ, રાજકોટ અને વડોદરાની હેડ પોસ્ટ ઓફિસો તેમજ ભારતીય પોસ્ટ વિભાગની વેબસાઈટ ર્ઃ// ુ.ર્ીજકકેષ્ઠી.ર્ખ્તદૃ.હ/ પરથી ઓનલાઈન પણ કરી શકાશે. મુખ્યમંત્રીએ કોવિડ-૧૯ મહામારી દરમિયાન પોસ્ટ વિભાગ દ્વારા જનસેવાના કરવામાં આવેલા કાર્યોની પ્રશંસા પણ કરી હતી.

આ વિશેષ ચેરિટી કવર વિમોચન પ્રસંગે ગુજરાત પોસ્ટલ વિભાગના મુખ્ય પોસ્ટમાસ્ટર જનરલ અશોક કુમાર પોદાર, ગુજરાતના પોસ્ટલ સર્વિસના ડિરેક્ટર સુનિલ શર્મા તેમજ અમદાવાદ રિજન હેડ એસ.એન. દવે ઉપસ્થિત રહ્યા હતા.

# નિકોલમાં કેશ બેકના બહાને યુવતી સાથે છેતરપિંડી થઈ

અમદાવાદ, તા. ૨૦

અજાણ્યા નંબર કે વ્યક્તિ દ્વારા તમારો સંપર્ક સાંધી લોભામણી લાલચ આપે અને લીંક ઓપન કરવાનું કહેવામાં આવે તો લીંક ઓપન કરતા પહેલા વિચારજો. સેકન્ડોમાં તમારૂ ખાતું સફાચટ થઈ શકે છે. વસ્ત્રાલ વિસ્તારમાં રહેતી યુવતીને ફોન પે પર કેશ બેકની લાલચઆપી છેતરપિંડી કરવામાં આવી છે. ગઠિયાએ કેશ બેક માટે એક લીંક મોકલી હતી જે ઓપન કરતા ૮ ટ્રાન્ઝેકશન દ્વારા ખાતામાંથી રૂપિયા ૨૦૦૯૫ ઉપડી ગયા હતા. નિકોલ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. વસ્ત્રાલમાં શિવાલય શિવસુખનગરમાં રહેતી કાજલ રાજપૂત નામની યુવતી કોલેજમાં અભ્યાસ કરે છે. ૬ જૂનના રોજ કાજલના મોબાઈલ ફોન પર અજાણ્યા વ્યક્તિએ ફોન કરી ફોન પેમાંથી બોલું છું અને ફોન પે ઓપન કરો તમને ૪૭૯૯ કેશબેક મળ્યું છે. ફોન પે ઓપન કરતા જ પૈસા આવ્યા ન હતા. જેથી ફોન કરીને વ્યક્તિએ એક નોટિફિકેશન મોકલ્યું હતું.

